# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-03-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :SATURDAY** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - સરકાર કૃષિ ક્ષેત્રના વિકાસ અને ગ્રામીણ સમૃદ્ધિના બેવડા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આગળ વધી રહી છે.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ રાજ્યના ચાર દિવસીય પ્રવાસના અંતિમ દિવસે વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લીધી
3) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું - ગુજરાતને રેલ્વે વિકાસ માટે 17 હજાર 155 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું.
4) નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે ટેકનોલોજીના કારણે, સરકાર દ્વારા જનતા પાસેથી કરનું સંચાલન વધુ સારી રીતે થઈ રહ્યું છે.
5) ઉત્તરાખંડ હિમસ્ખલનમાં 50 કામદારોને બચાવી લેવાયા - ચાર કામદારોના મૃત્યુ.
6) ICC ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં, ઇંગ્લેન્ડે ગ્રુપ B ની અંતિમ લીગ મેચમાં દક્ષિણ આફ્રિકાને જીતવા 180 રનનો લક્ષ્યાંક આપ્યો.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ગુજરાતની ત્રણ દિવસીય મુલાકાતે આવી પહોંચ્યાં છે. જામનગર એરફોર્સ સ્ટેશન પર તેમનું આગમન થતાં સાંસદ પૂનમબેન માડમ, મંત્રી મૂળુભાઈ બેરા, રાઘવજી પટેલ સ્થાનિક ધારાસભ્યો, મેયર તેમજ ભાજપનાં હોદેદારોને તેમણે આવકાર્યા હતાં ત્યારબાદ તેઓ રાત્રી રોકાણ માટે સર્કિટ હાઉસ જવા રવાના થયાં હતાં.

શ્રી મોદી જામનગર, જૂનાગઢ અને સોમનાથની મુલાકાત લેશે.

# PM-AGRICULTURE WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સરકાર કૃષિ ક્ષેત્રના વિકાસ અને ગ્રામીણ સમૃદ્ધિના બેવડા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આગળ વધી રહી છે. આજે કૃષિ અને ગ્રામીણ સમૃદ્ધિ પર બજેટ પછીના વેબિનારને વર્ચ્યુઅલી સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે વિકસિત ભારતના લક્ષ્ય તરફ આગળ વધવાનો સરકારનો સંકલ્પ ખૂબ જ સ્પષ્ટ છે.

## (BYTE : PM VIKSIT BHARAT)

તેમણે કહ્યું કે પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ, ખેડૂતોને અત્યાર સુધીમાં લગભગ 3 લાખ 75 હજાર કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. આ યોજના હેઠળ વાર્ષિક 6,000 રૂપિયાની નાણાકીય સહાયથી ગ્રામીણ અર્થતંત્ર મજબૂત થઈ રહ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે સરકારે કેન્દ્રીય બજેટમાં 'પીએમ ધન ધાન્ય કૃષિ યોજના'ની જાહેરાત કરી છે, જે સૌથી ઓછી કૃષિ ઉત્પાદકતા ધરાવતા 100 જિલ્લાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે કહ્યું કે આજે કૃષિ ઉત્પાદન રેકોર્ડ સ્તરે છે. છેલ્લા 10 વર્ષમાં, ઉત્પાદન 26 કરોડ 50 લાખ ટનથી વધીને 33 કરોડ ટનથી વધુ થયું છે.

શ્રી મોદીએ કહ્યું કે બાગાયત, ડેરી અને મત્સ્યઉદ્યોગ ઉત્પાદનોની વધતી માંગને ધ્યાનમાં રાખીને, આ ક્ષેત્રોમાં મોટા પાયે રોકાણ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે પીએમ આવાસ યોજના-ગ્રામીણ હેઠળ કરોડો ગરીબ લોકોને ઘરો પૂરા પાડવામાં આવી રહ્યા છે અને સ્વામીત્વ યોજનાએ મિલકત માલિકોને 'રેકોર્ડ ઓફ રાઇટ્સ' આપ્યા છે.

શ્રી મોદીએ કહ્યું કે આ વર્ષના કેન્દ્રીય બજેટમાં ગ્રામીણ સમૃદ્ધિ અને વિકાસ કાર્યક્રમોની જાહેરાતોએ રોજગારની ઘણી નવી તકોનું સર્જન કર્યું છે.

# PM NARENDRA MODI-NXT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વિશ્વ 21મી સદીના ભારત તરફ ખૂબ જ ઉત્સાહથી જોઈ રહી છે. આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે NXT કોન્ક્લેવને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે વિશ્વભરના લોકો દેશને જાણવા માટે ભારત આવવા માંગે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે ભારત વિશ્વનું નવું ઉત્પાદન કેન્દ્ર બની રહ્યું છે અને આજે તે માત્ર કાર્યબળ જ નહીં પરંતુ વિશ્વ શક્તિ બની રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે જે વસ્તુઓ પહેલા આયાત કરવામાં આવતી હતી તે હવે દેશમાં જ બનાવવામાં આવી રહી છે અને ભારત આ ઉત્પાદનોના નિકાસ માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. તેમણે કહ્યું કે હવે ખેડૂતો તેમના ઉત્પાદનો વૈશ્વિક બજારમાં વેચી રહ્યા છે. પ્રધાનમંત્રીએ નિર્ધારિત લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે લઘુત્તમ સરકાર, મહત્તમ શાસનના મંત્રને શ્રેય આપ્યો.

# PM-NXT CONCLAVE MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં NXT કોન્ક્લેવમાં શ્રીલંકાના પૂર્વ રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે અને ઓસ્ટ્રેલિયાના પૂર્વ પ્રધાનમંત્રી ટોની એબોટ સાથે મુલાકાત કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે તેઓ હંમેશા ચર્ચા કરવા માટે ઉત્સુક રહે છે અને વિવિધ મુદ્દાઓ પર વિક્રમસિંઘેના વિચારોની પ્રશંસા કરે છે.

ઓસ્ટ્રેલિયાના પૂર્વ પ્રધાનમંત્રીને મળવા બદલ ખુશી વ્યક્ત કરતા શ્રી મોદીએ કહ્યું કે શ્રી એબોટ હંમેશા ભારતના મિત્ર રહ્યા છે.

આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી રશિયન અવકાશયાત્રી ઓલેગ આર્ટેમયેવ, લેખક એલેક રોસ, અમેરિકન ભૌતિકશાસ્ત્રી ડૉ. બ્રાયન ગ્રીન અને અન્ય લોકોને પણ મળ્યા હતા.

# PRESIDENT VISIT OVERALL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાત પ્રવાસના અંતિમ દિવસે આજે કચ્છના ખડીર બેટ સ્થિત ધોળાવીરાની મુલાકાત લીધીમુલાકાત દરમિયાન શ્રીમતી મુર્મુએ હડપ્પન . સંસ્કૃતિ, રહેણીકરણી, મહાનગરમાં જળસંગ્રહ તથા નિકાલની વ્યવસ્થા તેમજ વિશાળ દીવાલો વિશે વિગતવાર માહિતી મેળવી હતી.

ચાર દિવસના પ્રવાસ દરમિયાન શ્રીમતી મૂર્મુએ સ્ટેચ્યૂ ઑફ યુનિટી, આરોગ્યવન, મિયાવાકી ફૉરેસ્ટ, જંગલ સફારી અને એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લીધી હતી .તેમજ રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા અને નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતાભુજના . સ્મૃતિવન ભૂકંપ સ્મારક, સંગ્રહાલય અને ધોરડો ખાતે વણાટ કળા, રોગન કળા અને ભરત કામના કારીગરો સાથે મુલાકાત કરી સંવાદ કર્યો હતો.

# HOME MINISTER - MANIPUR MEETING

ગૃહમંત્રી અમિત શાહે આજે મણિપુરમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી. શ્રી શાહે 8 માર્ચથી રાજ્યના તમામ રૂટ પર લોકોની અવરજવર સરળ રહે તે સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી હતી.

શ્રી શાહે નવી દિલ્હીમાં મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાની હાજરીમાં બેઠકની અધ્યક્ષતા કરતી વખતે આ સૂચનાઓ આપી હતી. તેમણે કહ્યું કે મણિપુરની આંતરરાષ્ટ્રીય સરહદની બંને બાજુ વાડનું કામ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. બેઠક દરમિયાન, શ્રી શાહે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર મણિપુરમાં કાયમી શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

**ASHWINI VAISHNAV**

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે અમદાવાદ રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી અને ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું.

પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું કે જાહેર સૂચનોના આધારે, સ્ટેશનની ડિઝાઇનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પ્રવેશદ્વારમાં ગુજરાતના સાંસ્કૃતિક પ્રતીક 'તોરણ' જેવી મુખ્ય વિશેષતાઓ સામેલ કરાશે. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, અમદાવાદ રેલ્વે સ્ટેશનના પુનર્વિકાસ માટે સૌથી આધુનિક માળખાકીય બાંધકામ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે આગામી સાડા ત્રણ વર્ષમાં પૂર્ણ થશે.

ગુજરાતના વિકાસ પ્રત્યે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા તેમણે કહ્યું કે ગુજરાતને રેલ્વે વિકાસ માટે ૧૭,૧૫૫ કરોડ રૂપિયાનું રેકોર્ડ બજેટ ફાળવવામાં આવ્યું છે.

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ખેડા જિલ્લાના ઉત્તરસંડા પાસે નવ નિર્મિત બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મુલાકાત લીધી હતીશ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ., મુંબઈ-અમદાવાદ કોરીડોરથી રૂટ પરના શહેરો સિંગલ ઈકોનોમિક ઝોનમાં તબદિલ થશે અને .આ અંગે શ્રી વૈષ્ણવે વધુ માહિતી આપી .તેનાથી અર્થતંત્રમાં ગતિશીલતા આવશે

## (કેન્દ્રીય રેલવે મંત્રી - અશ્વિની વૈષ્ણવ :બાઇટ)

શ્રી વૈષ્ણવે દાહોદ રેલવે સ્ટેશનની મુલાકાત લઈ, લોકોમોટિવ રોલિંગ સ્ટોક વર્કશોપના ચાલી રહેલા કાર્યનું પણ નિરીક્ષણ કર્યું હતું.

# SITHARAMAN-ACCOUNTING DAY

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે ટેકનોલોજીના કાર્યક્ષમ ઉપયોગને કારણે, સરકાર દ્વારા જનતા પાસેથી વસૂલવામાં આવતા કરનું સંચાલન આજે વધુ સારી રીતે થઈ રહ્યું છે.

નાણામંત્રીએ આજે નવી દિલ્હીમાં 49મા સિવિલ એકાઉન્ટ્સ ડે ઉજવણીમાં જાહેર નાણાકીય વ્યવસ્થાપન પ્રણાલીની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે સરકારની ડિજિટલ ઇન્ડિયા પહેલ સુનિશ્ચિત કરી રહી છે કે નાગરિકોને સરકારી સેવાઓ ઇલેક્ટ્રોનિક રીતે ઉપલબ્ધ કરાવવામાં આવે.

તેમણે કહ્યું કે જાહેર નાણાકીય વ્યવસ્થાપન પ્રણાલી દ્વારા, 60 કરોડ લાભાર્થીઓને પારદર્શિતા સાથે સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ અંગે શ્રીમતી સીતારમણે જણાવ્યું હતું કે આ પ્રથા હેઠળ એક હજાર બસો અગિયાર યોજનાઓનું સંચાલન કરવામાં આવે છે.

# UTTARAKHAND RESCUE

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માના ગામમાં હિમસ્ખલનમાં 50 કામદારોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે, બાકીના 5 કામદારોની શોધ ચાલી રહી છે. દરમિયાન, ચાર ઇજાગ્રસ્ત કામદારોના મૃત્યુ થયા છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પરિસ્થિતિનો તાગ મેળવવા અને બચાવ કામગીરીની સમીક્ષા કરવા માટે અસરગ્રસ્ત વિસ્તારનો હવાઈ નિરીક્ષણ કર્યો હતો. દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી સાથે ફોન પર વાત કરીને વિસ્તૃત માહિતી મેળવી હતી. શ્રી મોદીએ કેન્દ્ર સરકાર તરફથી શક્ય તમામ મદદની ખાતરી આપી છે.

# CHAMPIONS TROPHY

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં, ઇંગ્લેન્ડે કરાચીમાં રમાયેલી ગ્રુપ B ની અંતિમ લીગ મેચમાં દક્ષિણ આફ્રિકાને જીતવા 180 રનનો લક્ષ્યાંક આપ્યો છે. પ્રથમ બેટિંગ કરતા, ઇંગ્લેન્ડ 38.2 ઓવરમાં 179 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. છેલ્લા અહેવાલ મુજબ દક્ષિણ આફ્રિકા 22 ઓવરમાં 2 વિકેટે 123 રન બનાવી શક્યું છે.

# PUNJAB-FIVE DEAD

પંજાબના તરનતારણના એક ગામમાં ગઈકાલે રાત્રે ઘરની છત તૂટી પડતાં એક જ પરિવારના પાંચ સભ્યોના મોત થયા હતા. મૃતકોમાં પતિ, પત્ની અને તેમના ત્રણ નાના બાળકોનો સમાવેશ થાય છે. છત તૂટી પડવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ ગ્રામજનો કહેવા મુજબ વરસાદને કારણે ભેજ થવાથી આ દુર્ઘટના બની હતી.

## CHHATTISGARH ENCOUNTER

છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે માઓવાદીઓ માર્યા ગયા.

માઓવાદીઓએ જંગલમાં સુરક્ષા કર્મચારીઓ પર હુમલો અને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેના જવાબમાં સુરક્ષા દળોએ પણ ગોળીબાર કરતાં બે માઓવાદીઓ માર્યા ગયા હતા. માર્યા ગયેલા માઓવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે.

# MANDVIYA RAJKOT

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું આગામી પાંચ વર્ષમાં ચાર કરોડ નોકરી માટે 2 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. રાજકોટમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના બજેટ અંગે માહિતી આપતા શ્રી માંડવિયાએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે યુવાનોને દેશની 500 જેટલી મહત્વની પ્રીમિયમ પ્રકારની કંપનીઓમાં એક વર્ષ સુધી ઇન્ટર્નશીપ આપવામાં આવશે.

શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે દ્વારા ઘેડ પંથક એટલે કે પોરબંદર-જુનાગઢ પંથકના વિસ્તાર માટે એક હજાર 500 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવાનું આયોજન કર્યું છે.